જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૯/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૮૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૪૧ લીટર દેશી દારૂ, ૭૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬૨ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૯૮ બિયર ટીન, ૦૨ ઈકો ગાડી અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૮૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત અને પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાનો દોરો તોડી લઈ નાસી ગયોઃ– **સમાચાર યાદી નં.૧૨૮૩/૨૦૨૫**

ચાંદખેડાઃ દલસુખભાઈ રેવાભાઈ પરમાર (ઉ.વ.૭૦) (રહે. વ્રજ ટેનામેન્ટ શ્યામ કુટીર સામે આઈ.ઓ.સી.રોડ ચાંદખેડા) તા.૧૦/૦૯/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા મધુરમ એક્ઝોટીકાથી થોડે આગળ રિયલ ઓરા ફલેટ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે કોઈ કારણસર પડી ગયા હતા દરમ્યાન પેંડલ રિક્ષાનો ચાલક (અજાણ્યો પુરૂષ) દલસુખભાઈ પરમારના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૫,૦૦૦/– તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ દલસુખભાઈ પરમારે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૮૪/૨૦૨૫**

ખોખરાઃ સંગમ હરવંશસિહ પ્રજાપતિ (ઉ.વ.૨૦) (રહે. ગોકુલનગર ઉદગમ સ્કુલની બાજુમાં ભાઈપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૫ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ભુવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી